# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-07-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

- સખીમંડળો દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓની ઉચ્ચ ગુણવત્તા જાળવી રાખવા મુખ્યમંત્રીની મહિલાઓને અપીલ
- ગાંધીનગર અને અમદાવાદમાં સ્પા અને હોટલોમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર દરોડા.. અગિયાર સ્પા અને હોટલનાં 42 સંચાલકોની સીઆઈડી ક્રાઇમે ધરપકડ કરી
- અમદાવાદમાં ગુનાખોરી ઘટી હોવાનો પોલીસનો દાવો
- રાજ્યમાં ચોવીસ કલાક દરમિયાન વરસાદનું જોર ઘટયું... આગામી બે દિવસમાં મધ્યમથી હળવા વરસાદની હવામાન વિભાગની આગાહી
- નવા ત્રણ કાયદા અને ગ્રામીણ પત્રકારત્વની ચર્ચા માટે ડાંગ જીલ્લાના સાપુતારામાં પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો દ્વારા વર્કશોપ યોજાયો

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## SAKHI SAMVAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામીણ વિસ્તારોના સ્વ-સહાય જૂથ સખીમંડળની નારીશક્તિને તેમના મંડળોના ઉત્પાદનો, ચીજ વસ્તુઓની ઉચ્ચ ગુણવત્તા જાળવી રાખી વધુને વધુ લોકોનો વિશ્વાસ સંપાદિત કરવા મહિલાઓને આહ્વાન કર્યું હતું.

લોકોને સારી ગુણવત્તાવાળી પ્રોડક્ટ્સ મળે તો સખીમંડળની શાખ, પ્રતિષ્ઠા વધશે અને તેમના ઉત્પાદનોનું વેચાણ માઉથ ટુ માઉથ પબ્લિસિટીથી આપોઆપ ઊંચું જશે તેવો તેમણે મહિલાઓ વિશ્વાસ અપાવ્યો હતો..

મુખ્યમંત્રીએ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં 'સખી સંવાદ' કાર્યક્રમ અંતર્ગત રાજ્યભરની સ્વ-સહાય જૂથની બહેનો સાથે વાર્તાલાપ કર્યો હતો..ગ્રામ વિકાસ વિભાગ અને ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની દ્વારા આયોજિત આ સખી સંવાદમાં ૨૮ હજાર સ્વ-સહાય જૂથોની પોણા ત્રણ લાખથી વધુ ગ્રામીણ બહેનોને કુલ મળીને રૂ. ૩૫૦ કરોડના સહાય લાભનું મુખ્યમંત્રીએ વિતરણ કર્યું હતું.

### (બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

. . . . . . . . . . . . . . . . .

## FLAG HOSTING

સ્વતંત્રતા દિનની પંદરમી ઓગષ્ટના રોજ યોજાનારી રાજ્યક્ષાની ઉજવણી ખેડા જીલ્લાના મુખ્યમથક નડિયાદ ખાતે કરાશે.. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

નડિયાદમાં ધ્વજવંદન કરશે.. આ ઉપરાંત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી બનાસકાંઠામાં તિરંગાને સલામી અર્પશે. નાણામંત્રી કનુ દેસાઇ સુરતમાં, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ મહેસાણા અને કૃષિમંત્રી રાઘવજી પટેલ જૂનાગઢમાં ધ્વજવંદન કરશે.. આ ઉપરાંત અન્ય પ્રભારી મંત્રીઓ અને પ્રભારી સચિવો પણ પોતાના પ્રભારી તરીકે ફાળવાયેલા જીલ્લાઓમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરશે.

.................

## SPA RAID

ગુજરાતમાં ચાલતા જુદાંજુદાં સ્પા તેમજ હોટલની આડમા ચાલતા દેહવ્યાપારની પ્રવૃત્તિ પર સીઆઇડી ક્રાઇમે દરોડા પાડ્યા હતા. જેમાં પકડાયેલા આરોપીઓ સામે ગુનો દાખલ કરવામા આવ્યો છે. સીઆઇડી ક્રાઇમની કચેરીને માહિતી મળી હતી કે અમદાવાદ અને ગાંધીનગરમાં અલગ અલગ સ્પા અને હોટલોની આડમાં દેહવ્યાપાર ચાલી રહ્યો છે. જેને કારણે અલગ અલગ ટીમ બનાવીને 35 જેટલા સ્પા તેમજ હોટલો ઉપર દરોડા પાડવામાં આવ્યા હતાં. જેમાં અગિયાર જેટલા સ્પા અને હોટલોમાં આ પ્રવૃતિ જણાઇ આવતાં અલગ અલગ 22 જેટલા ગુના દાખલ કરીને 42 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

---------

## CRIME CONFERENCE

અમદાવાદ શહેર પોલીસની ક્રાઈમ કોન્ફરન્સ યોજાઇ હતી..આ કોન્ફરન્સમાં શહેરમાં કાયદો વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી.. આ બેઠકની વિગતો આપતા અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ. મલિકે પત્રકાર પરિષદ યોજી હતી. તેમણે માહિતી આપતા કહ્યું હતું કે ગત વર્ષ કરતાં આ વર્ષે ગુનાખોરી ઘટી છે ધાડ, લૂંટ, ચોરી સહિતના ગુનાઓમાં ઘટાડો થયો હોવાનું પોલીસ કમિશનરે કહ્યું હતું. જોકે તેમણે જણાવ્યું હતું કે છેતરપીંડીના કેસમાં વધારો થયો છે..તેમણે લોકોને સાઇબર ફ્રોડ થી બચવા અપીલ કરી હતી..

(બાઈટ : જી.એસ.મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ)

-----------------------

## STATE RAIN

રાજ્યમાં છેલ્લા ચોવિસ કલાક દરમિયાન વરસાદનું જોર ઘટ્યું છે... સવારના છ વાગ્યાથી લઇને આજના સાંજના છ વાગ્યા સુધીમાં 79 તાલુકાઓમાં મધ્યમથી હળવો વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ ભાવનગર જીલ્લાના મહુવા તાલુકામાં એક ઇંચ કરતાં વધુ વરસ્યો છે..જ્યારે વલસાડના કપરાડામાં 17 મિલીમિટર અને કચ્છના ગાંધીધામ અને દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં 16-16 મિલીમીટર વરસાદ નોંધાયો છે..

જ્યારે હવામાન વિભાગે આગામી બે દિવસમાં રાજ્યમા હળવા વરસાદની આગાહી કરી છે.. હવામાન વિભાગે 30થી 40 કિલોમિટર પ્રતિકલાકે પવન ફૂંકાવાની પણ શક્યતા દર્શાવી છે..

------------------

# PIB DANG - RURAL WORKSHOP

ડાંગ જિલ્લાના ગિરિમથક સાપુતારા ખાતે પ્રેસ ઇન્ફોર્મેશન બ્યૂરો PIBની ગ્રામીણ પત્રકારત્વ માટે 'વાર્તાલાપ' યોજવામાં આવ્યો. જેમાં તાજેતરમાં ન્યાય પ્રણાલીમાં કરાયેલા સુધારા, ભારતીય ન્યાય સંહિતાના નવા કાયદાઓ સહિત કેન્દ્ર સરકારના વિવિધ અભિયાનો અને યોજનાઓની માહિતી રજૂ કરતી પ્રદર્શનિનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

PIBનાં અધિક મહાનિદેશક પ્રકાશ મગદુમે રાજ્યના વિવિધ ક્ષેત્રોમાં પહોંચીને ગ્રામીણ પત્રકારત્વ સુધી 'સંવાદ' સાધવાનો પ્રયાસ PIBનો છે, તેમ જણાવી "ટુ વે કોમ્યુનિકેશન"ની કાર્યપ્રણાલી વર્ણવી હતી.

આ અંગે વધુ વિગતો આપે છે PIBનાં નાયબ નિયામક સુશ્રી આરોહી પટેલ....

## (બાઇટ - આરોહી પટેલ, PIB)

આ પ્રસંગે માહિતી અને પ્રસારણ વિભાગના દક્ષિણ ગુજરાતના પ્રાદેશિક વડા એવા સંયુક્ત માહિતી નિયામક અરવિંદ મછાર, દૂરદર્શનના નાયબ નિયામક ઉત્સવ પરમાર, PIB નાં નાયબ નિયામક સુશ્રી આરોહી પટેલ, કેન્દ્રીય સંચાર બ્યૂરોનાં નાયબ નિયામક ડો.ચિરાગ ભોરણીયા, આકાશવાણીનાં નાયબ નિયામક ભરત દેવમણી, ડાંગ જિલ્લા પોલીસ વડા યશપાલ જગાણીયા, સહિત ડાંગ જિલ્લાનાં પત્રકારો ઉપસ્થિત રહ્યા હતાં.

------------------

## SOMNATH SHRAVAN MAS

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવને શ્રાવણ માસના ૩૦ દિવસ સુધી વિવિધ શૃંગારો સાથે પૂજા-અર્ચના કરવામાં આવશે. ભગવાન સોમનાથને દરરોજ જુદા જુદા શૃંગારથી સજાવાશે. પાંચ ઓગસ્ટ પ્રથમ સોમવાર થી ૩ સપ્ટેમ્બર સુધી ના સોમવાર સુધી વિશેષ શૃંગાર કરવામાં આવશે.. પ્રથમ દિવસે બિલ્વપત્ર દર્શન, બીજા દિવસે કેસરી પુષ્પ દર્શન, તેવીજ રીતે ગણપતિ દર્શન, નાગ દર્શન-લાલ પુષ્પ સહિતના વિવિધ શૃંગારની સાથેસાથે અન્નકુટ દર્શનથી ભગવાન સોમનાથ મહાદેવ ને સુશોભીત કરાશે.

(બાઇટ- વિજયસિંહ ચાવડા, જનરલ મેનેજર, સોમનાથ ટ્રસ્ટ)

-----------------

## VAHALI DIKRI YOJNA

**વ્હાલી દીકરી યોજના હેઠળ છેલ્લા 5 વર્ષોમાં 2.37 લાખથી વધુ દીકરીઓની નોંધણી કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત દીકરીના જન્મ અને શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે 'વહાલી દીકરી યોજના' લાગુ કરવામાં આવી હતી.. ઓગસ્ટ-2019 પછી જન્મેલી દીકરીઓને શિક્ષણથી લઈને લગ્ન સુધીની સહાય આ યોજના થકી આપવામાં આવે છે.. સરકારે આ યોજના માટે માર્ચ મહિનાના અંત સુધીમાં 494.14 કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. ધોરણ-1, ધોરણ-9 અને**

**18 વર્ષની ઉંમરે 4 હજારથી 1 લાખ રૂપિયા આપવાની આ યોજનામાં જોગવાઇ કરવામાં આવી છે.. રાજ્ય સરકાર ગરીબ દિકરીઓ માટે આ યોજના દ્વારા વાલીની ભૂમિકા અદા કરી રહી છે.**

------------------

## MSME - Rushikesh Patel

રાજ્યમાં નાણાંકીય વર્ષ 2023-24માં 6 લાખ 29 હજાર 103 જેટલા નવા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ એકમો નોંધાયા છે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠક સદંર્ભે વિગતો આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ મુજબ જણાવ્યું. વધુ વિગતો આપતા તેમણે જણાવ્યું કે, રાજ્યમાં અત્યારસુધીમાં 19 લાખ 63 હજાર 50 સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ એકમોની નોંધણી થઇ છે. જેમાં 18 લાખ 73 હજારથી વધુ સૂક્ષ્મ, 81 હજાર 500થી વધુ લઘુ તથા 8 હજાર 400 થી વધુ મધ્યમ ઉદ્યોગો નોંધાયા છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, છેલ્લા ચાર વર્ષમાં નોંધાયેલા એકમોની સામે 4 હજાર 861 એકમો જ રદ થયા છે.

ઉલ્લેખનીય છે કે, દેશભરમાં સૌથી વધુ ઉદ્યમ નોંધણી ધરાવતા પ્રમુખ 10 જિલ્લાઓમાં અમદાવાદ અને સુરત જિલ્લાનો સમાવેશ થાય છે.

-------------

## NEWS IN BRIEF

**હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- ગાંધીનગર ખાતે ઉચ્ચ શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરીયાએ ઉચ્ચ શિક્ષણ સંદર્ભે સમીક્ષા બેઠક યોજીને જરૂરી સૂચનો કર્યા.
- નવસારી વિજલપોર નગરપાલિકાની સામાન્ય સભામાં વિવિધ કમિટીઓના પ્રજાકીય કામગીરીના ભાગરૂપે કુલ 106 કામ તેમજ પાલિકા પ્રમુખ દ્વારા રજુ કરાયેલા વધારાના 229 કામો મળી ખુલ્લે 335 કામો મંજુર કરવામાં આવ્યા હતા.
- દાહોદ જિલ્લાના લીમડીની લિટલ માસ્ટર ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ મા રેઈન ડે ની ઉજવણી કરાઈ.
- મહેસાણા જિલ્લા કલેકટર એમ.નાગરાજન ના અધ્યક્ષ સ્થાને જિલ્લા નાગરીક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ.
- મહેસાણામાં પી.એમ. વિશ્વકર્મા યોજનામાં જિલ્લાની 13 હજાર 490 મહિલાઓ એ તાલીમ લીધી.
- મહિસાગર જિલ્લા કલેકટર શ્રીમતી નેહા કુમારીની ઉપસ્થિતિમાં પશુ સખી (A-Help) નો 17 દિવસીય તાલીમ શુંભારંભ કાર્યક્રમ યોજાયો.